# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૨/ક્વા-03/૨૦૨૧-૨૨/૩૫૧ તા.૧૯.03.૨૦૨૨

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૩૨/ક્વા-03/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી પરસોતમભાઈ ભુરાભાઈ ઉંજીયા ગામ – માણાવદર

સબડીવીઝન: રાણા કંડોરણા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર રૂરલ

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી પોરબંદર

તારીખ: બુધવાર (૨૩-૦૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૩-૦૨-૨૦૨૨ (બુધવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાંઉપર મુજબ બનેપક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે અમો અરજદાર માણાવદર તાલુકાના માણાવદર ગામે રહીએ છીએ અમારા નામે ખેડવાણ જમીન કુતિયાણા તાલુકાના દેવળા ગામે આવેલ છે જેના ખેડખાતા નં. ૧૦૧૩ થી જુના રેવન્યુ ૧૦૩/૨ પૈકી.૩ જેના સર્વે નંબર ૧૦૦૭ હે.આરે.ચોમી.૧-૭૯-૪૫ વાળી જમીન હાલ રેવન્યુ રેકર્ડમાં કણબી પરસોતમભાઈ ભુરાભાઈ તથા કણબીભગવાનજીભાઈ ભુરાભાઈના

સંયુક્ત નામે આવેલ છે. ઉપરોક્ત બતાવેલ ખેડવાણ જમીન ઉપર અમોએ સને૨૦૧૫ ની સાલમાં નવા વિજકનેક્શનની અરજી કરેલ છે જેની પહોંચ નં. ૭૧૩૧૮૬૦ તા.૧૫/૦૬/૨૦૧૫ થી રકમ .૨૦૦/- જમા કરાવેલ પરંતુ આજદિન સુધી અમોને ક્વોટેશન ભરવાની કે કનેક્શન બાબતે કોઈ લેખિત જાણ થયેલ છે જેથી અમોએ આ અમારા કનેક્શન બાબતે નાયબ ઈજનેર સાહેબ પી.જી.વી.સી.એલ. કચેરી રાણાકંડોરણા માં તા.૨૫/૧૦/૨૦૨૧ ના રોજ લેખિત રજુઆત કરેલ અને રૂબરૂ ગયેલ ત્યારે અમોને કહેલ કે તમોને નવા કનેક્શન બાબતે અમોએ રજી.એડી થી જાણ કરેલ જે કોટેશનની નકલ અમોને મળેલ નથી જેથી અમોએ કોટેશન ભરપાઈ કરેલ નથી જેથી પી.જી.વી.સી.એલ. કચેરીમાં ઘણા ધક્કા પણ ખાધેલ છે તો પણ આજદિન સુધી અમોને કનેક્શન મળેલ નથી જેથી નાયબ ઈજનેરશ્રી રાણા કંડોરણા ના પત્ર નં.RKSD /RE/3802 TFP 15/11/2021 થી અમોને લેખિત જાણ કરેલ જેની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે. જેથી અમારા સગાભાઈ કણબી ભગવાનભાઈ ભુરાભાઈ અને અમોએ એકીસાથે નવા વિજકનેક્શનની અરજી કરેલ પરંતુ અમારા ભાઈ ભગવાનજીભાઈ ભુરાભાઈ ને કનેક્શન આવી ગયેલ છે અમોને આજદિન સુધી કનેક્શન આવેલ નથી જેથી તે બાબતે પણ રાણા કંડોરણા ની પી.જી.વી.સી.એલ. કચેરીમાં આપ સાહેબ દ્વારા તપસ કરવામાં આવે તો સાચી હકીકત માલુમ પડી શકે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 શ્રી પરષોતમભાઇ ભુરાભાઇ ઉંજીયા ના નવા ખેતીવાડી વિજ જોડાણના ફોરમ અરજી કરેલ છે.જેની ટુકી વિગત નીચે મુજબ છે.

અરજદાર શ્રી પરષોતમભાઇ ભુરાભાઇ ઉંજીયા ગામ દેવડા જે રાણાકંડોરણા પેટા વિભાગીય કચેરી હેઠળના ગામે ખેતીવાડી વિજ જોડાણની અરજી તા ૧૫.૬.૨૦૧૫ના રોજ રસીદ નં ૧૮૧૭૦૩ થી રજીસ્ટ્રેશન કરાવેલ છે. (એસ.આર નં ૭૧૩૧૮૬૦)

અરજદાર શ્રી પરષોતમભાઇ ભુરાભાઇ ઉંજીયા ગામ દેવડા ખાતે સર્વે નં ૧૦૩/૨ પેકી ૩ (ક્ષેત્રફળ હે. ૧.૭૯.૦૮) પર વિજ જોડાણ ૭.૫ હો.પા. ની માંગણી કરેલ છે. જે જમીન કણબી પરષોતમભાઇ ભુરાભાઇ તથા કણબી ભગવાનજીભાઇ ભુરાભાઇ ના ખાતે આવેલ છે.

3.૧ રાણાકંડોરણા પેટા વિભાગીય કચેરી ખાતે તા ૮.૬.૨૦૧૮ના રોજ સર્વે કરતા સર્વે રીપોર્ટમાં જણાવેલ કે ભુરા ઠાકરશી નું કનેકશન સદર સર્વે નંબરમાં આવેલ છે.સવે રીપોર્ટના આધારે રાણાકંડોરણા પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં આરકેએસડી-૧/આરઇ/કેન્સલ ૩૮૫૯ તા ૧૩.૭.૧૮ મુજબ અરજદાર શ્રી પરષોતમભાઇ ભુરાભાઇ ને જણાવેલકે " આપને ત્યા સર્વે કરવા આવતા ભુરા ઠાકરશીના નામનું ૬૦૬૨૭/૦૦૬૨૪/૮ ગ્રાહક નંબર નું કનેકશન હયાત છેં" આ પત્ર મળ્યે આપની જે કાઇ રજુઆત હોય તે દિવસ ૧૦ માં કરશો. અન્યથા ઉપરોકત અરજી પરથી ભવિષ્યમાં વિજ જોડાણ મળશે નહી જેની નોંધ લેશો અને ભવિષ્ય માં નવું વિજ જોડાણ લેવું હોય તો ફરીથી નવી અરજી કરવાની રહેશે જેની નોધ લેશો. તથા આપનો અગ્રતા ક્રમ રદ કરી અન્ય અરજદારો ની કાર્યવાહી કરેલ છે . જેની નોધ લેશો. જે પત્ર દ્વારા અરજદારને જણાવેલ છે.

3.૨ રાણાકંડોરણા પેટા વિભાગીય કચેરીના પત્ર ના અનુસંધાને સમયમર્યાદા માં જવાબ ન આવતા રાણાકંડોરણા પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીથી પત્ર નં આરઇ/૨૬ ૩૫૦ તા ૨૫.૧.૨૦૧૯ મુજબ

અરજદાર શ્રી પરષોતમભાઇ ભુરાભાઇ ને જણાવેલકે " માગંણી કરેલ સર્વે નંબરમાં હાલ આપ વિજ જોડાણ ધરાવો છો." આ બાબતે ધ્યાને લેતા આપને આ વિજ જોડાણ મળવાપાત્ર થતું ન હોવાથી આપની અરજી રદ કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદાર શ્રી ની માંગણી મુજબ પીજીવીસીએલ કંપની ના નિયમ મુજબ એકજ સર્વે નં. માં જો આઠ એકર થી ઓછી જમીન હોય તો બીજું કનેક્શન મળવા પાત્ર નથી જેથી પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ની અરજી રદ કરવામાં આવેલ છે જે નિયમ મુજબ છે.

૪.૨ વધુ માં સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ની માંગણી મુજબ જે રદ થઈ ગયેલ અરજી ફરી થી નવા દસ્તાવેજી પુરાવા લઈ ને જુની અરજી ની પ્રાયોરિટી ગણી તથા અરજદાર શ્રી એ આપવામાં આવેલ સરનામા ઉપર પત્ર વ્યવહાર કરી અને ટેલીફોનિક જાણ કરી ને નિયમ મુજબ ફરીથી સર્વે કરી કનેક્શન આપવા માટે ની કાર્યવાહી કરવા માટે નો અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯